# રાજયની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

**(આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદારકૃષિનગર)**

**જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫ (જુનીયર કલાર્ક)**

## રાજ્ય કૃષિ યુનિવર્સિટીની પસંદગી અને અનામત વર્ગના ઉમેદવારોની જાતી અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ

રાજયની કૃષિ યુનિવર્સિટીઓની જુનીયર કલાર્ક સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેની જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫ અન્વયે, તા. ૦૬-૦૭/03/૨૦૨૬ના આયોજીત પ્રમાણપત્ર ચકાસણીને આધિન લાયક ઠરતા ૬૨૭ ઉમેદવારોને આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** ની યાદી મુજબ રાજ્ય કૃષિ યુનિવર્સિટીની પસંદગી માટે અને અનામત વર્ગના ઉમેદવારોના જાતી અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા સ્વખર્ચે નીચે દર્શાવેલ તારીખ, સ્થળ તથા સમય મુજબ હાજર રહેવા આથી જણાવવામાં આવે છે. **જો કોઇ ઉમેદવાર રાજ્ય કૃષિ યુનિવર્સિટીની *આ* પસંદગી કાર્યક્રમમાં હાજર રહેશે નહીં તો તે ઉમેદવાર ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માંગતા નથી તેમ સમજીને આગળની ભરતી પ્રક્રિયા માંથી તેમને બાકાત રાખવામાં આવશે.**

| ઉમેદવારની રીપોર્ટીંગ તારીખ | રીપોર્ટીંગ સમય | પરિશિષ્ટ-૧ની યાદી મુજબ ઉમેદવારોના અનુક્રમ નંબર |
|---|---|---|
| તા. ૦૯/૦૬/૨૦૨૬ | સવારે ૦૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે | અનુ. ૧ થી ૩૦૦ |
| તા. ૧૦/૦૬/૨૦૨૬ | સવારે ૦૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે | અનુ. ૩૦૧ થી ૬૨૭ |

**સ્થળ: સેમીનાર હોલ-૧ અને ૨**
**ન.મ.કૃષિ મહાવિધાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

- રીપોર્ટીંગ સમય બાદ આવનાર ઉમેદવારને કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહી. તેમજ કાઉન્સેલીંગમાં ગેરહાજર ગણી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- મેરીટના ધોરણે યુનિવર્સિટી પસંદગી અંગેની અગ્રતાક્રમ આપવાની થતી હોઇ, ઉમેદવારોએ આ સાથે સામેલ યુનિવર્સિટી પસંદગી અંગેનું બાહેંધરી/ વિકલ્પ પત્રક ફરજીયાતપણે સાથે લાવવાનું રહેશે.
- રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીની જુનીયર કલાર્ક સંવર્ગની કુલ-૨૨૭ ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવાની થાય છે. નિયમોનુસાર કેટેગરી વાઇઝ અને મેરીટના ધોરણે પસંદગી પામનાર ઉમેદવારને જ નિમણુંક આપવામાં આવશે. જયારે યુનિવર્સિટી પસંદગી કાર્યક્રમમાં પ્રમાણપત્રો ચકાસણીમાં લાયક ઠરતા તમામ ઉમેદવારોને બોલાવવામાં આવેલ છે તે બધા જ ઉમેદવાર નિમણુંક માટે હક્કદાર નથી. જેની ખાસ નોંધ લેવી.
- સરકારી નોકરીમા ચાલુ હોય તેવા ઉમેદવારોએ ફરજીયાત "નો-ઓબજેકશન સર્ટીફિકેટ" રજું કરવાનુ રહેશે. (જે ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી દરમ્યાન રજું કરેલ છે તેઓએ ફક્ત તેની નકલ રજુ કરવાની રહેશે)
- અનામત વર્ગના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રોની સરકારશ્રીના નિયમ મુજબ ચકાસણી કરવાપાત્ર થાય છે તેવા ઉમેદવારોએ આ સાથે સામેલ **પરિશિષ્ટ-૨** તથા **સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોએ પ્રમાણપત્રની ચકાસણી માટે રજુ કરવાની થતી વિગતોનું નિયત ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે. જે પ્રિન્ટ કરી જરૂરી વિગત ભરી અસલ દસ્તાવેજો સહીત તથા તેની ૦૨(બે) સ્વ-પ્રમાણિત નકલ ફરજીયાત પણે સાથે લાવવાનું રહેશે.**
- આ સાથે સામેલ ઉમેદવારોની યાદી **ફક્ત અનામત વર્ગના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી અને યુનિવર્સિટી પસંદગી માટે જ છે જેથી ઉમેદવાર નિમણૂંક અંગેનો હકક દાવો કરી શકશે નહીં. અનામતવર્ગના ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રોની ચકાસણી અને યુનિવર્સિટી પસંદગી એ નિમણૂંક અંગેની ખાતરી નથી.**

**તા.:** ૧૪.૦૫.૨૦૨૬ **રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ વતી**